વાવોલ ગામમાં એક ગેરેજમાં આગચંપી : વાતાવરણ તંગ

મોડી રાત્રે ગેરેજમાં આગ લાગતા પરિસ્થિતિ વધુ તંગ બની : બંને જુથો વચ્ચે આક્રોશની આગ : એસઆરપી ગોઠવી દેવાઈ : કોમ્બીંગ નાઈટ થશે

વાવોલ ગામમાં ડે. સરપંચની ચુંટણી મામલે પટેલ અને દરબાર જુથ સામસામે આવી જતા મામલો ગંભીર બન્યો છે. રાયોટીંગ બાદ બે દિવસથી વાવોલ ગામનું વાતાવરણ તંગ છે. અને બંને જુથો વચ્ચે આક્રોશની આગ ફેલાઈ જતા ગામનો માહોલ ફરી ઉગ્ર ન બને તે હેતુથી એસઆરપી અને પોલીસની ટુકડીઓ તૈનાત કરી દેવામાં આવી છે. દરમિયાન ગઈ મોડી રાત્રે એક ગેરેજમાં આગ ચંપી થતા મામલો ફરી ઉગ્ર બન્યો છે. સે-૭ પોલીસે રાયોટીંગ કેસમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી અન્ય ફરાર આરોપીની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ડે. સરપંચની ચુંટણી મામલે વાવોલ ગામમાં ધિંગાણુ થતા ગામમાં પટેલો અને દરબારો સામસામે આવી ગયા છે. રાયોટીંગ પ્રકરણમાં સે-૭ પી.આઈ. ડી.ડી. સોઢાએ બંને પક્ષે ફરિયાદ લઈ ગુના દાખલ કર્યા છે. આ પ્રકરણમાં ત્રણ યુવાનોની પોલીસે ધરપકડ કરી લીધી છે. જયારે અન્ય ફરાર યુવાનોની ધરપકડ માટે પોલીસે તજવીજ શરુ કરી છે. હજુ ગામનું વાતાવરણ શાંત પડયું ન હતું ત્યાં ગઈ મોડી રાત્રે વાવોલ કોલવડા જતા માર્ગને જોડતા સર્કલ નજીક એક ગેરેજમાં આગ લાગતા ફરી માહોલ ઉગ્ર બન્યો છે. રાત્રે ફાયરબ્રિગેડ અને પોલીસનો કાફલો દોડતો થઈ ગયો હતો. રાત્રે પોલીસનો વધુ કાફલો ગામમાં તૈનાત કરી દેવામાં આવ્યો હતો. આ પ્રકરણના અનુસંધાને આજે કોમ્બીંગ નાઈટ રાખવામાં આવી છે.

વિદેશી યુવાનો ગાંધીનગરમાં : રોટરી ઈન્ટરનેશનલના યુથ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ વિવિધ દેશોના ૨૩ યુવાનો રવિવારે સાંજે જગવિખ્યાત અક્ષરધામની મુલાકાતે આવ્યા હતા. અક્ષરધામની કોતરણીથી પ્રભાવિત યુવાનોએ ગુજરાતની યજમાનગિરીની પ્રસંશા કરી હતી. ગાંધીનગર રોટરી ક્લબના મહેમાન બનેલ યુવાનોએ શહેરની પ્રકૃતિની પ્રસંશા કરી હતી.

ધારાસભ્ય અમિત ચાવડાને ગેંગસ્ટર રવિ પુજારીનો ધમકીભર્યો ફોન

બોરસદથી ઉત્તરાયણ કરવા અમિત ચાવડા તેમના સંબંધીને ત્યાં ગાંધીનગર સે-૧માં આવ્યા હતા ત્યારે રવિ પૂજારીના નામથી બે વાર ફોન આપ્યો : સે. ૭માં ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧૬

આણંદ જિલ્લાના બોરસદ ખાતે રહેતા ધારાસભ્ય અમિત ચાવડા ઉત્તરાયણ કરવા તેમના સગાના ઘરે ગાંધીનગર સેક્ટર-૧ ખાતે આવ્યા હતા. તે દરમ્યાન તેમના મોબાઈલ ઉપર ગેંગસ્ટર રવિ પુજારીના નામથી બે વાર ધમકીભર્યો ફોન આવ્યો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે બોરસદ જઈ ધારાસભ્યએ ફરીયાદ નોંધાવતા બોરસદ પોલીસે ગુનો નોંધી શુન્ય નંબરથી સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ ટ્રાન્સફર કરી છે. જેને આધારે સે. ૭ પી.આઈ. ડી.ડી. સોઢાએ વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ ખાતે રહેતા મહેશભાઈ સોલંકીના ઘરે ઉત્તરાયણ કરવા ધારાસભ્ય અમિતભાઈ અજીતભાઈ ચાવડા આવ્યા હતા. સાંજે પાંચેક વાગ્યાના અરસામાં ધારાસભ્ય અમિતભાઈ ચાવડાના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો કે ''રવિ પુજારી ઓસ્ટ્રેલીયા સે બોલ રહા હું... અમીત ચાવડા બોલ રહે હો..? હમારે લડકેને બોરસદ કે પ્રગ્નેશ પટેલ કો ઠોક ડાલા હૈ, વો જીન્દા હૈ યા મર ગયા..? અમિત ચાવડાએ 'પતા નહી' કહીને ફોન કાપી નાંખ્યો હતો. એકાદ મિનિટ બાદ ફરી બીજા નંબર પરથી ફોન આવ્યો અને કહ્યું કે ''મે રવિ પુજારી બોલ રહા હું... પહેચાના કે નહીં..? કટ ક્યુ કર દીયા ? તુમ ભી ટીવી મે ઈન્ટરવ્યુ બહોત દેતે હો... અબ જીન્દા બોલે તો તુમ્હારા ભી પ્રગ્નેશ જૈસા હાલ હોગા... અગલા નંબર તુમ્હારા હોગા..'' કહીને ફોન કટ કરી નાંખ્યો હતો. બોરસદના પ્રગ્નેશ પટેલ પર ફાયરીંગ થયાની ઘટના પણ બની હતી જેના પગલે ધારાસભ્યએ ફોન પર રવિ પુજારીના નામે મારી નાંકવાની ધમકી આપવા સંદર્ભે ફરીયાદ નોંધાવતા સે. ૭ પોલીસે ટ્રાન્સફર ફરિયાદ લઈ વધુ તપાસ આરંભી છે.

ચિલોડા ગ્રામ પંચાયતના ઉપસરપંચની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર તાલુકાની ગ્રામ પંચાયતોના સુકાનીઓ માટે તાજેતરમાં રસાકસીભર્યો જંગ અને ભારે સ્પર્ધાઓ વચ્ચે યોજાઈ હતી. સરપંચશ્રી અને સભ્યો માટે ભારે ખેંચતાણ વચ્ચે ચૂંટણી સંપન્ન થઈ હતી. રસાકસી ભર્યા જંગમાં ઉપસરપંચ બનવા માટે ચૂંટાયેલા વોર્ડ સભ્યોમાં ભારે સ્પર્ધા જામી હતી.

જેમાં શામ-દામ-દંડ-ભેદની નીતિ સાથે મોભાદાર પદ માટે વોર્ડના સભ્યો પોતાની તરફેણમાં હાથ ઉંચો કરે તેના ભાવે ભાવ બોલાઈ એકથી વધુ દાવેદારો વોર્ડના સભ્યોના માન વ્યવહારમાં જમાડવા, ફરવા લઈ જવા, પૈસા સહિત લોભ લાલચના માધ્યમો અપનાવવા મજબૂર બન્યા હતા. પરંતુ ચિલોડા ગ્રામ પંચાયત ખાતે નિષ્પક્ષ અને તટસ્થપણે પ્રથમ બેઠક કચેરીમાં અધિકારી એમ.બી. પરમારના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં ઉપસરપંચ પદે જયંતિભાઈ પટેલની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ બેઠકમાં સરપંચ વસુમતીબેન પટેલ, સોલંકી હરેશભાઈ, પટેલ આશાબેન, પટેલ સંગીતાબેન, પટેલ રાગિણીબેન, પટેલ જાગૃતિબેન, ઠાકોર વંદનાબેન, ઠાકોર નીલુબેન, પટેલ નટવરભાઈ, મારવાડી સંજયભાઈ વગેરે હાજર રહ્યા હતા અને ગામના અગ્રણી આગેવાનો, સમર્થકો, ટેકેદારો, શુભેચ્છકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

એમ.સી.આઈ.ના ઈન્સ્પેકશનના પગલે હોસ્પિટલમાં ચીજવસ્તુઓની ખરીદી શરુ

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજના પાંચ વર્ષ પુરા થવા પામ્યા છે ત્યારે તાજેતરમાં ડીગ્રીની માન્યતાને અનુલક્ષીને એમ.સી.આઈ.નું ઈન્સ્પેકશન ચાલુ હતું. હવે છેલ્લું ઈન્સ્પેકશન આવવાનું છે ત્યારે હોસ્પિટલના ઈન્ફ્રાસ્ટ્રકચરથી લઈને નાનામાં નાની ચીજવસ્તુને લઈ હોસ્પિટલ તંત્ર સાબદું બન્યું છે. તંત્ર દ્વારા પગલુછણીયાથી લઈને મેડીકલને અનુલક્ષી સામાનની ખરીદી કરવામાં આવી રહી છે. આ પાછળ અંદાજીત લાખો રૂપિયા જી.એમ.ઈ.આર.એસ. દ્વારા ખર્ચ કરવામાં આવશે.

રાજયભરમાં જી. એમ. ઈ.આર.એસ.ની સાત મેડીકલ કોલેજ આવેલી છે. જેમાં ગાંધીનગરની મેડીકલ કોલેજનો પણ સમાવેશ થાય છે. પાટનગરની મેડીકલ કોલેજને પાંચ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે કોલેજ અને હોસ્પિટલમાં મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિતી નિયમો મુજબ દર્દીઓને સારવાર મળે છે કે કેમ તેમજ ઈન્ફ્રાસ્ટ્રકચરનું પણ બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવે છે. ત્યારે હોસ્પિટલ તંત્ર દ્વારા ખુટતી ચીજવસ્તુઓનું લીસ્ટ બનાવી ખરીદી કરવામાં આવી રહી છે. વાયબ્રન્ટ પૂર્ણ થતા જ અધિકારીઓ ફ્રી થયા હોવાથી આગામી દિવસોમાં શું શું વસ્તુ ખરીદવાની છે જેની કામગીરીમાં જોરશોરથી લાગી જશે ત્યારે અત્યારે હાલના સમયે તો તંત્ર દ્વારા લાખો રૂપિયાનું પાણી કરવામાં આવશે.

ચિલોડા ઓમ લેન્ડ માર્ક ખાતે સબ જુનિયર નેશનલ રગ્બી ટચ ચેમ્પીયનશીપ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ઓમ લેન્ડ માર્કના પટાંગણમાં ઓલ ઈન્ડિયા સબ જુનિયર નેશનલ રગ્બી ટચ ચેમ્પીયનશીપ અન્ડર બોય એન્ડ ગર્લ્સની સ્પર્ધા યોજાઈ હતી. આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ, શારિરીક શિક્ષણ મહાવિદ્યાલય સાદરા સંસ્થાના આચાર્ય જમનાદાસ સાવલિયા, મુખ્ય મહેમાનપદે તથા અતિથિપદે નટુભાઈ પટેલ પત્રકાર, ઓમ એજ્યુકેશન કેમ્પસના મે. ટ્રસ્ટી જિલ્લા રમતગમત અધિકારી અશોકભાઈ રાવલ, આચાર્ય સુનિલકુમાર કેશરી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહાનુભાવો દ્વારા રમતોત્સવમાં ભાગ લેનાર ખેલાડીઓનું સ્વાગત કર્યુ હતુ. આ રમતોત્સવમાં ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ, પંજાબ, તામીલનાડુ, કેરાલા, પં. બંગાણ, જમ્મુ-કાશ્મીર, કર્ણાટક, દિલ્હી, હરિયાણા, કર્ણાટક રાજ્યોની ટીમોના અન્ડર-૧૬ બોય અને ગર્લ્સ રમતવીરોએ ઉત્સાહભેર ખેલદીલીપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચન દ્વારા ખેલાડીઓને પ્રોત્સાહીતરૂપે શુભેચ્છા પાઠવી અભિનંદન પાઠવ્યા હતા.

ખોડલધામમાં જવા માટે ગાંધીનગર ડેપોથી ખાસ બસો દોડાવાશે

લાખો ભાવિકો ખોડલધામમાં દર્શનનો લાભ લેશે : ગાંધીનગરથી પણ ભાવિકોને જવા માટે એસ ટી ડેપો દ્વારા ખાસ વ્યવસ્થા : માંગણી મુજબ બસો દોડાવાશે

ગાંધીનગર તા ૧૬

રાજકોટ નજીક સ્થિત કાગવડમાં ખોડલધામમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે ખોડલ ધામમાં લાખો ભાવિકો દર્શન તેમજ ભોજન પ્રસાદનો લાભ લેશે. ત્યારે ગાંધીનગરથી ખોડલધામ જવા માટે પણ એસ ટી તંત્ર દ્વારા વિશેષ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ માટે યાત્રિકોની સંખ્યાને ધ્યાને લઈ ડેપોકક્ષાએથી વધારાની ખાસ બસો દોડાવાશે. સતત પાંચ દિવસ માંગણી મુજબ બસો દોડાવાશે.

રાજકોટ નજીક સ્થિત કાગવડમાં તા ૧૭ જાન્યુઆરીથી ખોડલધામમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ દિવ્ય અને ભવ્ય પ્રસંગે ૨૫ લાખથી વધુ ભાવિકો પધારવાનો અંદાજ છે. ત્યારે આ ભાવિકોને અનુલક્ષી હાલ પ્રસાદ માટે વિશાળકાય રસોડાને પણ સજ્જ કરી દેવાયુ છે. આ માટે ૬ લાખ ડીશ અને ૧૨ લાખ વાટકા સહીત ચુલા માટેના લાકડા અને રસોઈની સઘળી સામગ્રી પણ એકત્રિત કરી દેવાઈ છે. કાગવડમાં આ ધાર્મિક પ્રસંગને અનુલક્ષી રાજકોટ એસ ટી ડિવિઝન દ્વારા ભાવિકોને બસ સુવિધા મળી રહે તે માટે ખોડલ ધામના રૂટમાં ૫૦ જેટલી બસો પણ ફાળવી દેવાઈ છે. જયારે ગાંધીનગરથી પણ ખોડલ ધામ જવા ઈચ્છતા ભાવિકોને અનુલક્ષીને ડેપો તંત્ર દ્વારા પણ વધારાની બસો દોડાવવા માટે સંપુર્ણ તૈયારી કરી લેવાઈ છે. સુત્રોના જણાંવ્યા મુજબ તા ૧૭ થી સતત પાંચ દિવસ માટે યાત્રિકોની સંખ્યાને ધ્યાને લઈને જરૂર મુજબ બસો દોડાવાશે. જયારે ૫૦ જેટલા મુસાફરો થશે તેવા કિસ્સામાં ખાસ બસ મુકી દેવાશે. આ ઉપરાંત મુસાફરોની માંગણીને ધ્યાને લઈ બસો દોડાવાશે તેમ પણ સુત્રો દ્વારા જણાંવાયુ છે.

વાઈબ્રન્ટ-૨૦૧૭માં ગુડાએ ૪૫૦૦ કરોડના ૪૯ એમ.ઓ.યુ. કર્યા

સાઈકલસવારને હવે હેલ્મેટ પણ આપવામાં આવશે : માળખાગત સુવિધાને વિકસાવવા એમ.ઓ.યુ. કરાયા : ચેરમેન

ગાંધીનગર, તા. ૧૬

વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ અન્વયે ગુડા દ્વારા માળખાગત સુવિધા વિકસાવવા રૂ. ૪૫૦૦ કરોડના ૪૯ જેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. ગુડા ઉપરાંત સાઈકલ શેરીંગ પ્રોજેક્ટને અપગ્રેડ કરી વધુ ૨૦ સ્ટેશનો તેમજ ૪૦૦ સાઈકલો ઉમેરવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત સાઈકલીસ્ટની સલામતીને ધ્યાને લઈ સાઈકલ સવારને હેલ્મેટ પણ આપવામાં આવશે.

ગુડાના જી-બાઈક સાઈકલ શેરીંગ પ્રોજેક્ટને ગાંધીનગરના નાગરીકોએ સફળતાથી વધાવી લીધો છે. હવે આ પ્રોજેક્ટમાં નવી યશકલગી ઉમેરાવા જઈ રહી છે. હાલ જે દસ સાઈકલ સ્ટેશન છે, તેમાં વધુ વીસ સ્ટેશનો અને નવી ચારસો સાઈકલો ઉમેરાઈ રહી છે. આ ઉપરાંત એક ખાસ એપ દ્વારા સાઈકલ શેરીંગ પ્રોજેક્ટને ટ્રેક કરવામાં આવશે. દરેક સાઈકલ યુઝરને હેલ્મેટ પણ આપવામાં આવશે. તેનાથી સાઈકલીસ્ટ સલામત રીતે સાઈકલ સવારી કરી શકશે. હવે આ પ્રોજેક્ટ અંતર્ગત સમગ્ર ગાંધીનગરનો શહેરી વિસ્તાર અને ગુડાના વિસ્તારો પણ આવરી લેવાયા છે. સાઈકલીંગ સુગમ બને તે માટે ખાસ સાઈકલ ટ્રેક બનાવવાનું અને યુવા વર્ગ પ્રચાર પ્રસાર કરવાનું પણ આયોજન છે. ગુડાની સાઈકલ શેરીંગ યોજનાને અગાઉ ભારત સરકારનો નેશનલ એવોર્ડ પણ મળી ચુક્યો છે. જ્યારે નેધરલેન્ડની સેન્ટ્રલ વિસ્કુંડે એન્ડ ઈન્ફોર્મેટીકા સંશોધન સંસ્થા અને સેપ્ટ યુનિવર્સિટીની ટેકનીકલ મદદ પ્રાપ્ત કરવાના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. ગુડાના ચેરમેન આશિષ દવે અને મુખ્ય કારોબારી અધિકારી અશોક શર્મા સાથે નેધરલેન્ડની સંસ્થાના વૈજ્ઞાનિકો સાથે પરામર્શ કરી પ્રોજેક્ટને આગળ ધપાવવા આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટમાં ગાંધીનગર મહાનગરપાલિકા અને પાટનગર યોજના વિભાગનો પણ સહયોગ મેળવવામાં આવશે. વધુમાં વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ અંતર્ગત ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુડા વિસ્તારમાં માળખાકીય સુવિધા વિકસાવવા રૂ. ૪૫૦૦ કરોડના ૪૯ જેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હોવાનું પણ ગુડાના ચેરમેને જણાવ્યું છે.

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ગુણોત્સવ કાર્યક્રમનો પ્રારંભ

રાજ્યમાં આજથી ત્રણ દિવસ માટે ગુણોત્સવ કાર્યક્રમોનો પ્રારંભ થવા પામ્યો છે. શાળાઓમાં બાળકોને આપવામાં આવતા શિક્ષણનું વાંચન, ગણન અને મૂલ્યાંકન કરવામાં આવનાર છે.

રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં પ્રથમ તબક્કામાં ગુણોત્સવ કાર્યક્રમનો પ્રારંભ થવા પામ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી સહીત રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ, સનદી અધિકારીઓ, આઈપીએસ અધિકારીઓ પણ ગુણોત્સવ કાર્યક્રમોમાં જોડાયા હતા. મંત્રીઓ અને અધિકારીઓએ આજે ગ્રામ્ય વિસ્તારોમાં સ્કૂલોમાં જઈ અને બાળકોને વાંચન કરાવી અને ગણન કરાવીને શિક્ષકો દ્વારા આપવામાં આવતા શિક્ષણ અંગેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આજથી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલા ગુણોત્સવ કાયક્રમમાં કેટલાક વિસ્તારોમાં આવેલી શાળાઓમાં આંતરમાળખાકીય સુવિધાઓના અભાવ અંગે તેમજ શાળાઓમાં હયાત સાધનો બિન ઉપયોગી પડ્યા રહ્યા હોવાની રજૂઆતો મળવા પામી હોવાનું જાણવા મળે છે. પ્રથમ તબક્કામાં ગ્રામ્ય વિસ્તારમાં આજથી શરૂ થયેલા ગુણોત્સવ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ આગામી સપ્તાહમાં શહેરી વિસ્તારોમાં આવેલી શાળાઓમાં બીજા તબક્કાના ગુણોત્સવ કાર્યક્રમનો પ્રારંભ થશે. ગુણોત્સવ કાર્યક્રમ બાદ રાજ્યકક્ષાની એક સમીક્ષા બેઠક આગામી સપ્તાહ બાદ બોલાવવામાં આવશે અને ગુણોત્સવ કાર્યક્રમ દરમ્યાન થયેલ અનુભવો અને મળેલ સૂચનો અંગેની સમીક્ષા કરવામાં આવશે.

આજે મુખ્યમંત્રી દક્ષિણ ગુજરાતમાં બારડોલીની આફવા પ્રાથમિક શાળાનું મૂલ્યાંકન કરશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ મંગળવાર, તા. ૧૭ જાન્યુઆરીએ ગુણોત્સવ અભિયાનની સાતમી કડીના બીજા દિવસે દક્ષિણ ગુજરાતના બારડોલીની આફવા પ્રાથમિક શાળાની મુલાકાત લેશે.

'ભાષા મારી ગુજરાતી' વિશે વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

કનોરીયા સેન્ટર ફોર આર્ટસ ખાતે 'ભાષા મારી ગુજરાતી' વિષય પર જાણીતા અત્રિનેત્રી આરતીબેન પટેલનું રસપ્રદ વક્તવ્ય આગામી તા. ૨૦મી જાન્યુઆરીના રોજ સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમ માતૃભાષા અભિયાન અંતર્ગત યોજાશે.

ખોવાયેલ છે

અમો પટેલ ધવલકુમાર સૂર્યકાન્ત સેક્ટર-૨૭, બ્લોક નં. ૯૯૨માં રહીએ છીએ. અમારો મહેસાણા ફ્લેટ સી-૨૦૧, મારૂતિનંદનનો દસ્તાવેજ જે સબરજીસ્ટ્રારશ્રી મહેસાણા અનુક્રમ નં. ૪૮૨૮થી તા. ૧૭/૫/૨૦૧૭ના રોજ નોંધાયેલ છે. તે બે મહિના પહેલા ખોવાયેલ છે. જે કોઈને પણ મળે તો ઉપરોક્ત સરનામે અથવા નીચેના મોબાઈલ પર જાણ કરવા વિનંતી.

લી.

ધવલકુમાર સૂર્યકાન્ત પટેલ

મો. ૯૯૦૯૯ ૭૭૮૭૪